Vishva Samachar Weekly

RNI : GujGuj/2001/05622

લવાજમ
વાર્ષિક : 250 રૂપિયા
છૂટક નકલ : 5-00 રૂપિયા
'વિશ્વ સમાચાર'ના
નામથી મોકલી આપવા વિનંતી
શેઠ વાડીલાલ સારાભાઇ હોસ્પિટલ સામે,

Associated
PRESS OWNERS WELFARE ASSOCIATION

વિશ્વ સમાચાર સાપ્તાહિક




PRINTER, PUBLISHER, OWNER AND EDITOR : NILAYBHAI HARISHBHAI MEHTA

E-mail : vishvasamacharindia@gmail.com

● Office : Opp. Sheth Vadilal Sarabhai Hospital, Allisebridge, Ahmedabad - 380006 : Mo. 92745 45455

• Year : 24 • Issue : 50 • Dt. 08-09-2025 • Monday • Rs.5-00 • • Page-4

### ડૂબતા પંજાબમાં ૨,૦૦૦ ગામ જળબંબાકાર

# હિમાચલ પ્રદેશમાં વરસાદ-ભૂસ્ખલનથી ભારે તારાજી

## પૂર અને મૂશળધાર વરસાદના કારણે ઉત્તર ભારતના અનેક રાજ્યોમાં ભયાવહ સ્થિતિ જોવા મળી રહી છે

નવી દિલ્હી

પંજાબ અને હરિયાણા સહિત ઉત્તર ભારતના અનેક રાજ્યોમાં શનિવારે પણ ભારે પૂર આવ્યું હતું. સતલજ અને બિયાસ નદીમાં પૂરના કારણે સૌથી વધુ નુકસાન પંજાબમાં થયું છે. પંજાબમાં ૪૦ વર્ષમાં સૌથી ભયાવહ પૂરથી ૨૦૦૦થી વધુ ગામ જળબંબાકાર થઈ ગયા છે અને ૩.૮૭ લાખથી વધુ લોકો અસરગ્રસ્ત થયા છે. બીજીબાજુ હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં સતત આભ ફાટવાના કારણે પૂરની સ્થિતિ સર્જાઈ હતી. હિમાચલમાં ચોમાસાની આ સિઝનમાં કુલ ૩૬૦થી વધુનાં મોત થયા છે જ્યારે ૨૪૬ લોકોને ઈજા પહોંચી છે. ઉત્તરાખંડના ઉત્તરકાશીમાં શનિવારે ફરી આભ ફાટયું હતું.

પંજાબમાં શનિવારે વરસાદનું પ્રમાણ ઘટયું હતું, પરંતુ તેનો પ્રકોપ યથાવત રહ્યો હતો. પંજાબમાં વરસાદના કારણે ૧૪ જિલ્લામાં ૪૬થી વધુ લોકોનાં મોત થયા છે. અત્યાર સુધીમાં ૨૧૯૨૯ લોકોને સલામત સ્થળે ખસેડાયા છે અને ૧૯૬ રાહત કેમ્પ બનાવાયા છે, જેમાં ૭૧૦૮ લોકોએ આશરો લીધો છે. સતલજ, બિયાસ નદીમાં આવેલા પૂરના કારણે ૨૦૦૦થી વધુ ગામ ડૂબી ગયા છે અને હજારો એકરમાં ઊભો પાક બરબાદ થઈ ગયો છે અને ૧.૭૫ લાખ હેક્ટર જમીનને નુકસાન થયું છે. રસ્તા, પુલ અને ઘરોને પણ ભારે નુકસાન થયું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ટૂંક સમયમાં જ પૂરગ્રસ્ત રાજ્યોનો પ્રવાસ કરી સ્થિતિની સમીક્ષા કરશે તેમ સરકારી સૂત્રોએ જણાવ્યું હતું.

અધિકારીઓએ જણાવ્યું કે, પંજાબમાં પોંગ ડેમમાં પાણીનું સ્તર આંશિક ઘટયું છે છતાં તે હજુ જોખમી સ્તરથી ચાર ફૂટ ઉપર છે. બીજીબાજુ સતલજ નદી પર બંધાયેલા ભાકરા ડેમમાં પણ પાણીનું સ્તર આંશિક ઘટયું હતું. ઉપરવાસમાં છેલ્લા કેટલાક દિવસોથી મૂશળધાર વરસાદના કારણે પોંગ ડેમમાંથી પાણી છોડાતા નીચાણવાળા વિસ્તાર જળબંબાકાર થઈ ગયા છે. હોશિયારપુર, દસુયાઅને મુકેરિઅન સબડિવિઝન્સમાંથી તાજા અહેવાલો મુજબ પૂરગ્રસ્ત ગામોની સંખ્યામાં વધારો થયો છે.

બીજીબાજુ હરિયાણામાં સતત થઈ રહેલા વરસાદ અને નદીઓ અને નાળા ભરાઈ જતાં પૂરનું સંકટ વધ્યું છે. આ સંકટનો સામનો કરવા માટે સૈન્યની મદદ લેવાઈ છે. સૈન્યના ૮૦ જવાનોએ ઝઝ્ઝરના બહાદુરગઢમાં મોરચો સંભાળ્યો છે. ફરિદાબાદમાં યમુના, સિરસામાં ઘગ્ગર, કુરુક્ષેત્રમાં મારકંડા અને અંબાલામાં ટાંગરી નદીમાં પાણી જોખમી સ્તરથી ઉપર વહી રહ્યા છે.

હિમાચલ પ્રદેશાં વરસાદના કારણે પૂર અને ભૂસ્ખલનના કારણે લોકો ભારે મુશ્કેલીમાં મુકાયેલા છે. હિમાચલમાં ચોમાસાની આ સિઝનમાં કુલ ૩૬૦ લોકોના મોત થયા છે અને ૪૨૬ લોકો ઘાયલ થયા છે. રાજ્યમાં પાણી ભરાવાના કારણે



૧૦૮૭ રસ્તાઓ બંધ થઈ ગયા છે. રાજ્યમાં વરસાદના કારણે ૧૪૪૦ પશુઓનાં મોત થયા છે જ્યારે કુલ આર્થિક નુકસાન ૩૯૭૯.૫૨ કરોડથી વધુ થયાનો અંદાજ છે.

હિમાચલ પ્રદેશમાં મણિમહેશ યાત્રા દરમિયાન ફસાયેલા શ્રદ્ધાળુઓને બચાવવા વિશેષ અભિયાન ચલાવાયું હતું. આ અભિયાનના અંતિમ દિવસે સૈન્યએ એમઆઈ-૧૭ હેલિકોપ્ટરની મદદથી ૬૪ શ્રદ્ધાળુઓને સલામત સ્થળે ખસેડયા હતા. આ અભિયાન હેઠળ બધા જ શ્રદ્ધાળુઓને સલામત સ્થળે ખસેડાયા છે.

યમુનાનગરમાં હથિનીકુંડ બેરેજ પર ૧૦૬ કલાક પછી જળસ્તર જોખમી સ્તરથી નીચે આવ્યું છે. અહીં જળસ્તર એક લાખ ક્યુસેકથી ઓછું થવા પર બેરેજના ફ્લડ ગેટ ખોલવામાં આવ્યા છે, જેને પગલે નીચાણવાળા વિસ્તારો હિસાર-ચંડીગઢ નેશનલ હાઈવે-૫૨, કોટપૂતલી-બઠિંડા નેશનલ હાઈવે ૧૪૮ બી અને દિલ્હી-હિસાર નેશનલ હાઈવે પર બે ફૂટ પાણી ભરાયા છે. આ પૂરના કારણે દિલ્હીમાં ૭૦ થી વધુ પરિવારોને સલામત સ્થળે ખસેડવાની ફરજ પડી હતી. દિલ્હીમાં હાલ પૂરના પાણી ઓસર્યા છે, પરંતુ સ્થિતિ હજુ પણ ખરાબ છે.

રાજસ્થાનમાં હવાના દબાણના કારણે આગામી ૨૪ કલાકમાં સિરોહી, બાલોતરા, બાડમેર અને જાલૌર જિલ્લામાં રેડ એલર્ટ જાહેર કરાઈ છે. આ જિલ્લાઓમાં ભારેથી અતિ ભારે વરસાદની સંભાવના છે.

### મુંબઈમાં ગણપતિ વિસર્જન દરમિયાન મોટી દુર્ઘટના

# વીજતારના સંપર્કમાં આવતા એકનું મોત, પાંચ ઈજાગ્રસ્ત

## ગણપતિ વિસર્જન દરમિયાન જ્યારે ભક્તો નાચતા અને ગાતા હતા, ત્યારે તેઓ ઈલેક્ટ્રિક વાયરને અડી જતા મોટી દુર્ઘટના સર્જાઈ

મુંબઈ

મુંબઈના સાકીનાકા વિસ્તારમાં ગણપતિ વિસર્જન દરમિયાન મોટી દુર્ઘટના સર્જાઈ છે. ગણપતિ વિસર્જન દરમિયાન ઈલેક્ટ્રિક વાયરના સંપર્કમાં આવવાથી એક વ્યક્તિનું મોત નીપજ્યું. જ્યારે ૫ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. હાલ ઈજાગ્રસ્તોને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. અહેવાલો અનુસાર, સાકીનાકા ખૈરાણી રોડ પર સ્થિત એસજે સ્ટુડિયો નજીક ટાટા પાવરનો હાઈ-ટેન્શન વાયર છે. ગણપતિ વિસર્જન દરમિયાન જ્યારે ભક્તો નાચતા અને ગાતા હતા, ત્યારે તેઓ ઈલેક્ટ્રિક વાયરને અડી જતા મોટી દુર્ઘટના સર્જાઈ હતી. જેમાં એકનું મોત નિપજ્યું. જ્યારે અન્ય ૫ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. આ બનાવ અંગે પોલીસને જાણ થતાં ઘટનાસ્થળે પહોંચી અને વધુ તપાસ હાથ ધરી છે. વીજળીના વાયરના સંપર્કમાં આવીને મૃત્યુ પામેલા ભક્તનું નામ વિનુ છે. જ્યારે ઈજાગ્રસ્તની ઓળખ ૧૮ વર્ષીય તુષાર ગુપ્તા, ૪૪ વર્ષીય ધર્મરાજ ગુપ્તા,૧૨ વર્ષીય આરુષ ગુપ્તા, ૧૦ વર્ષીય શંભુ કામી અને ૧૪ વર્ષીય કરણ કનોજિયા તરીકે થઈ છે.

પૂણે જિલ્લાના ચાકણ વિસ્તારમાં વિસર્જન દરમિયાન ચાર લોકોના મોત થયા. વાકી ખુર્દમાં ભીમા નદીમાં બે યુવાનો ડૂબી ગયા. તેમાંથી એકનો મૃતદેહ મળી આવ્યો છે, જ્યારે બીજાની શોધખોળ ચાલુ છે. આ ઉપરાંત બિરદાવાડી ગામમાં એક વ્યક્તિ કૂવામાં ડૂબી ગઈ અને શેલપિંપાલગાંવમાં ભીમા નદીમાં ડૂબી જવાથી ૪૫ વર્ષીય વ્યક્તિનું મોત થયું. આ ઘટનાઓથી સમગ્ર વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

# દિલ્હીની હવા સૌથી ઝેરી છે અને અમદાવાદ કરતાં ત્રણ ગણી ઘાતક

નવી દિલ્હી : દિલ્હીમાં શ્વાસ લેવો હવે વધુ ખતરનાક બની ગયો છે. પૂણેની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટ્રોપિકલ મેટ્રોલોજી (IITM) દ્વારા છ વર્ષના સંશોધનમાં જાણવા મળ્યું છે કે દિલ્હીની હવામાં પારાની માત્રા સૌથી વધુ છે. પારો એક ઝેરી ધાતુ છે જે નર્વસ સિસ્ટમ, કિડની અને હૃદય માટે હાનિકારક છે. રિસર્ચમાં દિલ્હી, અમદાવાદ અને પૂણેની હવાની તુલના કરવામાં આવી છે. જેના પરિણામો ચોંકાવનારા છે. દિલ્હીમાં પારાના સ્તર હજુ પણ દક્ષિણ એશિયામાં સૌથી વધુ છે. દિલ્હીની હવામાં પારાના સ્તર ૬.૯ નેનોગ્રામ પ્રતિ ક્યૂબિક મીટર જોવા મળ્યું છે, જ્યારે અમદાવાદમાં તે ૨.૧ અને પૂણેમાં તે ૧.૫ નેનોગ્રામ પ્રતિ ક્યૂબિક મીટર હતું. દિલ્હીનો પારાના સ્તર વૈશ્વિક સ્તર કરતા ૧૩ ગણો વધારે હતો. રિસર્ચ અનુસાર, આ શહેરોમાં ૭૨% થી ૯૨% પારો કોલસા બાળવા, ટ્રાફિક અને ઉદ્યોગો જેવી માનવ પ્રવૃત્તિઓને કારણે છે. શિયાળામાં અને રાત્રે પારાના પ્રમાણમાં વધારો થાય છે, જે કોલસા બાળવા, પરાળી બાળવા અને સ્થિર હવામાનને કારણે થાય છે.

## તંત્રીની કલમે................

# ગ્રામજીવન અસ્તાચળને આરે

મંદીના જુદા જુદા આવર્તનો અને પ્રવર્તનોમાં હવે ભારતીય રૂરલ માર્કેટનો સમાવેશ થઈ ગયો છે. સરકારે જીએસટીમાં જે હર્ષવર્ધક સુધારાઓ કર્યા તેનો મુખ્ય હેતુ ડિમાન્ડને જીવંત કરવાનો છે. ગત આકરા વરસના અંતના સર્વેક્ષણો બતાવે છે કે ભારતીય ગ્રામીણ બજારોમાં ઉત્પાદનો અને માલની ખપત છેલ્લા સાત વરસના તળિયે પહોંચી છે. વળી એનું કારણ માત્ર સંયોગો નથી. એટલે કે ભારતીય ગ્રામ વિકાસના અને કૃષિ કલ્યાણના જે ઢોલ સરકાર સતત વગાડે છે એનાથી વિપરીત વાસ્તવિક ચિત્ર હવે સપાટી પર આવ્યું છે. કિસાન આંદોલનનું કારણ માત્ર કૃષિ કાયદાઓ નથી, ખેડૂતો દુ:ખી છે અને હવે વધુ દુ:ખી થવા ચાહતા નથી એ પણ છે. છેલ્લા ત્રણ વરસથી દેશના કૃષિ ક્ષેત્રમાં સરકારે જાહેર કરેલા ટેકાના ભાવો અનેક ઉપજમાં બજારભાવ કરતા નીચા રહ્યા છે. એટલે કે સરકારે ટેકાના ભાવે ખેડૂતોના ઉત્પાદનોની લેવાલી કરવી જ ન પડે એવી ચાલાકી પણ પ્રયોજી છે. દેશમાં એનો પડઘો પડી ચૂક્યો છે ને હજુ રાજ્યો તથા સ્થાનિક ચૂંટણીઓમાં એનો પડઘો પડશે.

મહારાષ્ટ્રના વિદર્ભના ખેડૂતોએ આ અંગે મોટું આંદોલન ઉપાડયું હતું પરંતુ એનું કોઈ વિશેષ પરિણામ આવ્યું ન હતું. આપણા દેશના તમામ કૃષિ આંદોલનોનું ભવિષ્ય એ જ હોય છે કે એના પરિણામમાં કોઈ ફલશ્રુતિ કૃષિ ક્ષેત્રને પ્રાપ્ત થતી નથી. વિદર્ભના ખેડૂતોને પણ માત્ર આશ્વાસન જ મળ્યું હતું. અગાઉ દિલ્હીમાં ચાલેલા કિસાન આંદોલનમાં પણ સરકારે દરેક વાટાઘાટોમાં માત્ર વ્યર્થ આશ્વાસનોની જ છુટ્ટે હાથે લ્હાણી કરી હતી જે હવે ચાલે એમ નથી. તો પણ મહારાષ્ટ્રના ખેડૂતો દેશના અન્ય કિસાનોની તુલનામાં ઘણાં એડવાન્સ છે. એનું એક કારણ એ છે કે પોતાની રાજકીય કારકિર્દીમાં ભલે બહુ સફળ ન નીવડયા અને મિડલ તથા અપર મિડલ લેવલ સુધી ચમકતા રહેલા શરદ પવારે પોતાના રાજ્યના ખેડૂતોનું ખરા દિલથી હિત કરેલું છે. એ વાત જુદી છે કે આજે મરાઠી ખેડૂતો શરદ પવારથી પણ વિમુખ થઈ ગયા છે. આજે ગુજરાતના ગામડાઓમાં આરોગ્ય વ્યવસ્થાનો ધડો નથી. સમાચારોમાં આરોગ્ય કવચ માટે સરકાર લાખો રૂપિયા ફાળવતી હોવાની વાત ગામના ચોરે બેઠેલા ટોળાઓ વાંચે છે પણ ગામમાં પહેલે પગલે જે પ્રાથમિક સારવાર મળવી જોઈએ એ કેમ મળે? કારણ કે સ્ટાફ તો નજીકના શહેરમાંથી શહેરઘેલા માસ્તરોની જેમ અપડાઉન કરે છે. મિ. મોદીએ અગાઉ પ્રાંત સરકારની વિચારધારા રજૂ કરી હતી જેમાં નાગરિકે પોતાના કોઇ પણ કામ માટે તાલુકાથી આગળ જવું ન પડે. પરંતુ કાળના પૂરપાટ પ્રવાહમાં એ બધું વીસરાઈ ગયું છે. આજે ગ્રામ જીવન એક સજા બની ગયું છે. સરપંચો લાંચ લેતા પકડાય છે અને તલાટી કમ મંત્રી શું કરે છે એ એ જ જાણે છે. જે કેટલાક સરકારી કર્મચારીઓ શાસક પક્ષની ભયરહિત આરતી ઉતારવામાં વ્યસ્ત છે એમાં ગ્રામ નિયુક્ત કર્મચારીઓનો એક સમૂહ પણ છે. આજ સુધી દેશ કે રાજ્યના કોઈ પણ નાણાં પ્રધાને નાટક કરવા ખાતર પણ બજેટ પહેલા ગામડાઓમાં સભા યોજીને તેમને સાંભળવાનો ઉપક્રમ રાખ્યો નથી. ભારતીય ગ્રામ સમાજમાં રૂપિયો ફરતો અટકી ગયો છે તેનું મહત્ત્વનું કારણ એ જ છે કે ખેડૂતો દેવામાફીની પ્રતીક્ષામાં ન તો જૂના દેવા ક્લિયર કરી શક્યા છે અને એને કારણે મધ્યસ્થ અને અન્ય સહકારી બેંકો એને નવી બાકી ઉપાડવા દેતા નથી. ખેડૂતોને વખતોવખત નાણાંકીય સહાય કરવા માટેની સહકારી ધિરાણ મંડળીઓ સક્રિય રહી છે. પરંતુ એટલો ઉપાડ તો ઋતુ પ્રમાણેના પાક લેવામાં જ વપરાઈ જાય છે. એટલે કે દરેક ફસલ લેવામાં રોકાણ થઈ જાય છે, જેથી એ રૂપિયો બજારમાં ફરતો દેખાતો નથી.


સમગ્ર ગુજરાત માં પત્રકારો અને જાહેરાત નું કામ કરી શકે તેવા ઉમેદવારો નીમવાના છે

"વિશ્વ સમાચાર" અખબારમાં પત્રકાર તરીકે તથા જાહેરાત નું કામ કરી શકે તેવા યુવક - યુવતીઓ નીમવાના છે. જે ઉમેદવારને બાયોડેટા સાથે કાર્યાલય નો સંપર્ક કરવો.

"વિશ્વ સમાચાર"

મો. ૯૨૭૪૫ ૪૫૪૫૫

Email : vishvasamacharindia@gmail.com


### ઉંટવૈદોને ફાવતું મળ્યું, સરકાર પાણીમાં બેઠી

# ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટનું સુરસુરિયું થઈ ગયું

### ગેરકાયદે રીતે પ્રેક્ટિસ કરતાં ભૂતિયા ડૉક્ટરો પર કાબૂ મેળવવા માટે ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ અમલી બનાવાયો હતો

અમદાવાદ

ગેરકાયદે રીતે પ્રેક્ટિસ કરતાં ભૂતિયા ડૉક્ટરો પર કાબૂ મેળવવા માટે ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ અમલી બનાવાયો હતો પણ આ કાયદાનું જાણે સુરસુરિયુ થયુ છે. ક્લિનિક, હોસ્પિટલ નર્સિંગ હોમથી માંડીને લેબોરેટરીના ફરજિયાત રજીસ્ટ્રેશનની મુદતમાં હજુ વધારો કરવા સરકાર તૈયારી કરી છે તે જોતા લાગી રહ્યુ છે કે, આ કાયદો ગુજરાતમાં અસરકારક રીતે અમલી બને તેમ નથી. જેમ ઈમ્પેક્ટ ફીનો કાયદાનો ફિયાસ્કો થયો છે તેવી જ દશા ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટની થઈ છે.

ગુજરાતમાં વર્ષ ૨૦૨૧માં ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ અમલમાં આવ્યો પણ હજુ સુધી આ કાયદો બિનઅસરકારક બની રહ્યો છે. ત્રણ-ત્રણ વખત કાયદામાં સુધારો કરાયો છે. આ ઉપરાંત બે વખત ફરજિયાત રજીસ્ટ્રેશનમાં વધારો કરાયો છે. હવે જ્યારે સોમવારથી ત્રણ દિવસીય વિધાનસભા સત્ર મળવા જઈ રહ્યુ છે ત્યારે ફરી ક્લિનિકલ એસ્ટેબ્લિશમેન્ટ એક્ટની મુદતમાં છ મહિનાનો વધારો કરવા રાજ્ય આરોગ્ય વિભાગે તૈયારીઓ કરી છે. ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટને લીધે ગેરકાયદે રીતે પ્રેક્ટિસ કરતાં બોગસ તબીબો પર અંકુશ આવશે. પણ જે રીતે ફરજિયાત રજીસ્ટ્રેશન મામલે સરકારની ઢીલી નીતિ રહી છે તે જોતાં લાગે છે કે, સરકારની જ ઈચ્છાશક્તિ નથી. હજુય ગામડાઓમાં સ્પેશ્યાલિસ્ટ તો ઠીક, ફીઝીશિયન ડૉક્ટરો નોકરી કરવા તૈયાર નથી. મેડિકલ કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ બોન્ડ ભરવા તૈયાર છે પણ નોકરી કરવા રાજી નથી. આ પરિસ્થિતિ વચ્ચે ગામડાઓમાં બોગસ-ડીગ્રી વિનાના ડૉક્ટરોનો રાફડો ફાટ્યો છે. બીએસએમએસ ડૉક્ટર ક્લિનિક ચલાવે છે. કમ્પાઉન્ડરો ડૉક્ટર બની બેઠાં છે. ધો.૧૦ પાસ લેબોરેટરી ચલાવે છે. ગ્રામ્ય વિસ્તારમાં બધુ લોલંલોલ ચાલી રહ્યું છે તેમ છતાંય ખુદ સરકાર ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટનો કડક અમલ કરાવવા તૈયાર નથી.

અત્યાર સુધીમાં ૩૦-૩૫ હજાર ક્લિનિક, હોસ્પિટલ, નર્સિંગ હોમ, લેબોરેટરીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યુ છે પણ હજુ હજારો ક્લિનિક-લેબોરેટરી રજીસ્ટ્રેશન વિના ધમધમે છે. ખ્યાતિ કાંડ વખતે ડીંગો હાંકવામાં આવી હતી પણ હવે જ્યારે કડક અમલવારીની વાત આવી તો સરકાર અને રાજ્ય આરોગ્ય વિભાગે હથિયાર હેઠા મૂક્યાં છે.

# કોર્પોરેશનની ચૂંટણીમાં કોંગ્રેસ સાથે એએપી ગઠબંધન નહીં કરે

અમદાવાદ

ગુજરાતના પ્રવાસે આવેલા આમ આદમી પાર્ટી (**AAP**)ના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે એક મોટી જાહેરાત કરતા જણાવ્યું છે કે, આગામી કોર્પોરેશનની ચૂંટણીમાં **AAP** ગુજરાતમાં કોંગ્રેસ સાથે કોઈ ગઠબંધન નહીં કરે. આ જાહેરાત સાથે જ કોંગ્રેસ-**AAP** ગઠબંધનના છૂટાછેડા થઈ ગયા છે. આ જાહેરાત કરતા કેજરીવાલે કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે, **AAP** એકલા હાથે જ ચૂંટણી લડશે અને લોકોના મુદ્દાઓને લઈને જનતા વચ્ચે જશે.

કેજરીવાલે પોતાના સંબોધનમાં ખેડૂતો અને વેપારીઓને લગતા અનેક મુદ્દાઓ ઉઠાવ્યા હતા.

તેમણે ખાસ કરીને કપાસના ખેડૂતો પર લાગુ આયાત વેરો હટાવવાની માગ કરી હતી. તેમણે કહ્યું કે, "સરકારની આ નીતિથી ખેડૂતો આર્થિક રીતે પાયમાલ થઈ રહ્યા છે અને તેમને આપઘાત કરવા મજબૂર થવું પડશે." કેજરીવાલે વધુમાં કહ્યું કે, "અમેરિકા સામે આપણી સરકાર બેબસ કેમ છે?" તેમણે આરોપ લગાવ્યો કે, "સરકાર અદાણી માટે ટ્રમ્પને નારાજ કરવા માગતી નથી, કારણ કે અદાણી સામે અમેરિકાની કોર્ટમાં કેસ ચાલી રહ્યો છે." સુરતના હીરા ઉદ્યોગની વાત કરતા કેજરીવાલે કહ્યું કે,

"સુરતમાં હીરાના કારીગરો બેરોજગાર બન્યા છે અને રત્નકલાકારો પાસે પોતાના સંતાનોની ફી ભરવાના પણ પૈસા નથી."

ગુજરાતના મુદ્દાઓ ઉપરાંત કેજરીવાલે પંજાબમાં આવેલા પૂર અંગે પણ વાત કરી હતી. તેમણે જણાવ્યું કે, પંજાબમાં ૧૮૦૦થી વધુ ગામો અને ૩ લાખથી વધુ લોકો પૂરથી પ્રભાવિત થયા છે.

તેમણે આ સંકટના સમયમાં પંજાબ સરકાર દ્વારા લેવામાં આવેલા પગલાં વિશે પણ માહિતી આપી.

# લુણાવાડાના જ્વેલર્સમાં લૂંટનો નિષ્ફળ પ્રયાસ

લુણાવાડા

રાજ્યમાં ચોરી, લૂંટની ઘટના સામે આવતી હોય છે, ત્યારે મહીસાગરના લુણાવાડામાં ધોળા દિવસે જ્વેલર્સમાં ચોરોએ લૂંટનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. જેમાં શોરૂમના કર્મચારીએ સમયસુચકતા દાખવીને એલાર્મ બટન દબાવતા ચોર ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા હતા.

મળતી માહિતી મુજબ, લુણાવાડાના પટેલ જ્વેલર્સમાં આજે રવિવારે (૭ સપ્ટેમ્બર) ગ્રાહક બનીને મહિલા સહિત ૭-૮ શખ્સો લૂંટ કરવાના ઈદારે આવ્યા હતા. જેમાં જ્વેલર્સમાં ખરીદી કરવાના ઈરાદે આવેલા શખ્સો પર શંકા જતાં શોરૂમના કર્મચારીએ તરતજ એલાર્મ બટન દબાવ્યું હતું. જેથી તમામ શખ્સો શોરૂમમાંથી ભાગી ગયા હતા. બાદમાં આરોપીએ જ્વેલર્સના સિક્યુરિટી સાથે જપાજપી કરી હોવાનું સામે આવ્યું છે. કાર લઈને આવલાં શખ્સોએ ધોળા દિવસે લૂંટનો નિષ્ફળ કર્યા બાદ ફાયરિંગ કર્યુ હોવાનું સામે આવ્યુંછે.

### અમદાવાદમાં હજુ બે દિવસ સૌથી ભારે

# ૪ જિલ્લામાં અપાયું રેડ એલર્ટ, મેઘરાજા બોલાવશે ધબધબાટી

## બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા અને અરવલ્લી જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા છે



PTI

અમદાવાદ

રાજ્યમાં ફરી એકવાર મેઘરાજા મહેર કરી રહ્યા છે. છેલ્લા કેટલાક દિવસોથી ગુજરાતના અનેક વિસ્તારોમાં સારો વરસાદ નોંધાયો છે, અને હવામાન વિભાગે આગામી દિવસો માટે પણ ભારે વરસાદની આગાહી કરી છે. અમદાવાદ સહિત રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં હજુ આગામી બે દિવસ ભારે વરસાદ પડી શકે છે. હવામાન વિભાગે આજે ગુજરાતમાં મેઘરાજા બઘડાટી બોલાવશે તેવી આગાહી સાથે ૪ જિલ્લામાં રેડ એલર્ટ જાહેર કર્યું છે. આ ઉપરાંત, અન્ય ઘણા જિલ્લાઓમાં પણ ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. હવામાન વિભાગની આગાહી અનુસાર, આજે બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા અને અરવલ્લી જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા હોવાથી રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

આ જિલ્લાના રહેવાસીઓને સાવચેત રહેવા અને જરૂરી સાવચેતીનાં પગલાં ભરવા માટે જણાવવામાં આવ્યું છે.

આ ઉપરાંત, રાજકોટ, મોરબી, સુરેન્દ્રનગર, પાટણ, ગાંધીનગર અને મહીસાગર જિલ્લામાં પણ ભારે વરસાદની સંભાવના હોવાથી ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. અમદાવાદમાં પણ આગામી બે દિવસ સુધી સારો વરસાદ થવાની શક્યતા છે.

વરસાદની આ સિઝનમાં ખેડૂતો અને સામાન્ય જનતા માટે આ સારા સમાચાર છે, પરંતુ ભારે વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ શકે છે, જેથી લોકોને મુસાફરી કરતી વખતે અને બહાર નીકળતી વખતે સાવચેતી રાખવાની સલાહ આપવામાં આવે છે.

### પાંચ લોકો ઈજાગ્રસ્ત થયા હતા

# અમદાવાદમાં ભારે વરસાદના કારણે વિવિધ વિસ્તારોમાં ૪ મકાનો ધરાશાયી

## માંડવીની પોળ, બહેરામપુરામાં ગૌતમ નગર ચાર રસ્તા પાસે અને શાહપુરમાં પણ મકાન ધરાશાયી થયું હતું

અમદાવાદ

સૌરાષ્ટ્ર, ઉત્તર અને દક્ષિણ ગુજરાત સહિતના વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદી માહોલ છે, ત્યારે અમદાવાદમાં બે દિવસથી અવિરત વરસાદ વરસી રહ્યો છે. અમદાવાદના અનેક વિસ્તારોમાં પાણી-પાણીના દ્રશ્યો સામે આવ્યા છે.

તેવામાં અમદાવાદમાં ભારે વરસાદના કારણે દરિયાપુર, બહેરામપુરા, શાહપુરા સહિતના વિસ્તારોમાં ૪ મકાનો ધરાશાયી થયા હોવાની ઘટના સામે આવી છે. ઘટનામાં ૫ લોકો ઈજાગ્રસ્ત થયા છે. મળતી માહિતી મુજબ, અમદાવાદમાં ભારે વરસાદી માહોલ છે, ત્યારે આજે (૭ સપ્ટેમ્બર) દરિયાપુર વિસ્તારમાં અલી કુંભારના ડેલામાં મકાન ધરાશાયી થયું હતું. જેમાં ૩ મકાનો ઉપર દીવાલ પડતાં ૫ લોકો દટાયા હોવાનું સામે આવ્યું હતું.

ઘટનાની જાણ થતાં ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે દોડી પહોંચી હતી અને બચાવ કામગીરી હાથ ધરી હતી. દુર્ઘટનામાં દટાયેલા લોકોનું રેસ્ક્યુ કરીને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

બીજી તરફ, શહેરના અન્ય વિસ્તારોમાં પણ મકાન ધરાશાયી થયા હોવાની ઘટના સામે આવી છે. જેમાં માંડવીની પોળ, બહેરામપુરામાં ગૌતમ નગર ચાર રસ્તા પાસે અને શાહપુરમાં પણ મકાન ધરાશાયી થયું હતું.

### ૫ ગામો થયા સંપર્ક વિહોણા

# ભારે વરસાદથી ખેડા જિલ્લામાં વિકટ સ્થિતિ

## ખેડા જિલ્લાના ગળતેશ્વર અને ઠાસરા તાલુકામાં શેઢી નદીનું જળસ્તર વધતા પૂર જેવી પરિસ્થિતિ જોવા મળી રહી છે

ખેડા

આજે પણ રાજ્યના અનેક વિસ્તારોમાં ભારે વરસાદ પડ્યો છે. જેના કારણે અનેક જગ્યાએ પાણી ભરાયા છે. તો ખેડા જિલ્લાના ત્રણ સરહદી તાલુકાઓમાં ભારે વરસાદને કારણે પૂર જેવી પરિસ્થિતિ સર્જાઈ છે, જેને કારણે કેટલાક ગામો સંપર્કવિહોણા બન્યા છે. ખેડા જિલ્લાના ગળતેશ્વર અને ઠાસરા તાલુકામાં શેઢી નદીનું જળસ્તર વધતા પૂર જેવી પરિસ્થિતિ જોવા મળી રહી છે. ગળતેશ્વરના ધોરાની મુવાડી, ડભાલી અને મીઠાના મુવાડા ગામો તેમજ ઠાસરાના ગોળજ અને રસુલપુર એકલવેલું ગામો સંપર્ક વિહોણા થયા છે. આ બંને તાલુકાના કુલ પાંચ રસ્તાઓ પર પાણી ફરી વળ્યા છે, જેના કારણે વાહનવ્યવહાર ઠપ થઈ ગયો છે. આમ બે તાલુકાના પાંચ ગામો સંપર્ક વિહોણા બનતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

બંધ થયેલા રસ્તાઓ:

ગળતેશ્વર: ધોરાની મુવાડીથી વાઘરોલી, વાડદથી ડભાલી, વાડદથી મીઠાના મુવાડા.

ઠાસરા: ઠાસરા-ગોળજ રોડ અને ઠાસરા-ચંદાસર-રસુલપુર-એકલવેલું રોડ. આ પરિસ્થિતિને કારણે યાત્રાધામ ડાકોર સહિતના નીચાણવાળા ગામોમાં ચિંતાનું વાતાવરણ છે. અમદાવાદ સહિત ગુજરાતમાં વરસી રહેલા ભારે વરસાદ અને ઉપરવાસના ડેમોમાંથી પાણી છોડવામાં આવતા સાબરમતી નદીમાં જળસ્તર સતત વધી રહ્યું છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ખેડા જિલ્લા વહીવટી તંત્રએ મોડી રાત્રે સાવચેતીના પગલાં ભર્યા છે.

સાબરમતી નદીમાં પૂર જેવી સ્થિતિ સર્જાય તો ખેડા તાલુકાના નીચાણવાળા ગામો જેવા કે રસિકપુર, પથાપુર, ધરોડા અને ચિત્રાસર સહિતનાં ૧૫ જેટલાં ગામોમાં પાણી ઘૂસી શકે તેવી શક્યતા છે. આ સંભવિત પરિસ્થિતિને ટાળવા માટે વહીવટી તંત્રએ મોડી રાત્રે ૨૨ બસોની મદદથી નીચાણવાળા વિસ્તારમાં રહેતા લોકોને સલામત સ્થળોએ ખસેડ્યા છે. સ્થળાંતર કરાયેલા લોકોને હરિયાળા ગુરુકુળ અને ઈમેજ કોલેજ, અસલાલી ખાતે રાખવામાં આવ્યા છે. માતરના ધારાસભ્ય કલ્પેશ પરમાર પણ આ સ્થળાંતરની કામગીરીમાં જોડાયા હતા. હાલ પરિસ્થિતિ નિયંત્રણમાં છે, પરંતુ બપોર બાદ નદીનું જળસ્તર વધવાની શક્યતા હોવાથી તંત્ર સંપૂર્ણ રીતે એલર્ટ પર છે.

# ગુજરાતના ૧૩૯ તાલુકામાં સાર્વત્રિક વરસાદ નોંધાયો

અમદાવાદ

રાજ્યમાં વરસાદી માહોલ વચ્ચે છેલ્લા ૨૪ કલાકમાં સાર્વત્રિક મેઘ મહેર થઈ છે. રાજ્યના ૧૩૯ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ વરસ્યો છે. જેમાં કપરાડા તાલુકામાં ૧૦ ઈંચ, પોશીના,ધરમપુર તાલુકામાં ૬-૬ ઈંચ, રાધનપુર, ઉમરગામ, ભચાઉ, લાખણી, તલોદ અને પાલનપુર તાલુકામાં ૪-૪ ઈંચથી વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે. રાજ્યના સ્ટેટ ઈમરજન્સી ઑપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો અનુસાર આજે તા. ૭ મી સપ્ટેમ્બરના રોજ સવારે છ કલાકે પૂરા થતા ૨૪ કલાક દરમિયાન સાણંદ, કડી, બોટાદ, સંતરામપુર, સતલાસણા, દાંતા, પડધરી, વાવ, ધાનેરા, પાટણ, પારડી, ભિલોડા, ખેડબ્રહ્મા, પ્રાંતિજ, ઉમરપાડા અને મોડાસા મળી કુલ ૧૫ તાલુકાઓમાં ત્રણ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત મહેસાણા, ટંકારા, બાયડ સિદ્ધપુર, રાપર, જામકંડોરણા,ધાનપુર ખેરગામ, ઈડર, વાપી, સાગબારા, ઝાલોદ, ખેરાલુ, વિસનગર, બાલાસિનોર, તિલકવાડા, માળીયા, દસક્રોઈ, હાલોલ, ઝાંબુઘોડા, દસાડા, સંખેડા, દાહોદ, વિરમગામ, ધોરાજી, જોડીયા, જોટાણા, વલસાડ, કડાણા, હળવદ, સૂઈગામ, ઉંઝા, રાજકોટ, શહેરા, બોડેલી, ક્વાંટ અને વડનગર મળી કુલ ૩૮ તાલુકાઓમાં બે ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. જ્યારે રાજ્યના અન્ય ૭૫ તાલુકાઓમાં એક થી અડધો ઈંચ જેટલો વરસાદ વરસ્યોહોવાના અહેવાલોસાંપડ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં ચાલુ મોસમનોસરેરાશ વરસાદ ૧૦૨.૮૯ટકા જેટલો નોધાયો છે. જેમાં ઉત્તર ગુજરાત રિજીયનમાં ૧૦૬.૫૦ ટકા, પૂર્વ મધ્ય ગુજરાત રીજીયનમાં ૧૦૭.૩૪ ટકા, સૌરાષ્ટ્ર રીજીયનમાં ૯૧.૨૯ ટકા અને દક્ષિણ રીજીયનમાં ૧૦૭.૯૯ ટકા જેટલો વરસાદ નોધાયો છે.

# વડોદરા: નદીના પાણી ફરી વળ્યા, ડ્રાઈવર-ક્લીનર ટ્રક પર ચઢી ગયા

વડોદરા

જામ્બુવા નદીના પાણી ફરી વળ્યા છે. જ્યારે નદીના પાણીમાં ટ્રક ફસાઈ હતી. જેના પગલે ટ્રકના ડ્રાઈવર અને ક્લીનર જીવ બચાવવા ટ્રક પર ચઢી ગયા હતા. ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેડ દ્વારા ટ્રક ડ્રાઈવર અને ક્લીનરને બચાવ્યો છે. બન્નેનું આખી ટ્રક ડૂબી જાય એટલા પાણીમાં રેસ્ક્યૂ કરાયું છે. મગરોના ભય વચ્ચે ફાયર બ્રિગેડે દિલધડક રેસ્ક્યૂ કર્યું છે. હાઈવેના ટ્રાફિકથી બચવા વાહનચાલકો જામ્બુવા ગામના બ્રિજ પરથી અવર જવર કરે છે.રેસ્ક્યૂ બાદ ટ્રકના ડ્રાઈવરે કહ્યું કે, અમે ઈંધણ નાંખવા આવ્યા હતા. ગાડીમાં ડીઝલ ભરેલું હતું. અમને લાગ્યું કે પાણી ઓછું છે અને ગાડી નીકળી જશે. પૂલ દેખાઈ રહ્યો હતો, એટલે અમને લાગ્યું કે ગાડી નીકળી જશે. ગાડી પાણીમાં નાખતા બંધ પડી ગઈ હતી.બીજી બાજુ, વડોદરાના ડભોઈમાં રેલવે ગરનાળામાં વરસાદી પાણી ભરાઈ જતા ડભોઇ તાલુકાના ત્રણ ગામોને અસર પહોંચી છે. દર વર્ષે ચોમાસામાં આ સ્થિતિ સર્જાય છે જેથી લોકો ત્રસ્ત થઈ ગયા છે.

ગરનાળામાં પાણી ભરાઈ જતા તાલુકાના અંબાવ, અંબાવ વસાહત અને પુડા ગામનો સંપર્ક ખોરવાયો છે. રેલવે તંત્ર દ્વારા ડીઝલ મશીન દ્વારા પાણી નિકાલની વ્યવસ્થા કરાઈ છે પરંતુ ફરી પાણી ભરાઈ જાય છે અને સ્થિતિ ફરી પહેલા જેવી જ થઈ જાય છે. પાણી નિકાલની યોગ્ય વ્યવસ્થા હાથ નહીં ધરાતા ત્રણ ગામના લોકોએ રેલ્વે તંત્ર વિરુદ્ધ સૂત્રોચાર કરી રોષ વ્યક્ત કર્યો અને ચોમાસામાં વૈકલ્પિક માર્ગની વ્યવસ્થા કરાય તેવી માંગ કરી છે.

### અમદાવાદમાં મોડીરાતથી એકધારો વરસાદ

# ધરોઈમાંથી પાણી છોડાતા એલર્ટ જાહેર, સાબરમતીમાં પૂરની સંભાવના




## હાલમાં વાસણા બેરેજના કુલ ૨૭ ગેટ ખોલવામાં આવ્યા

અમદાવાદ

ગુજરાતમાં હવામાન વિભાગની આગાહી અનુસાર રાજ્યમાં વરસાદી માહોલ જામ્યો છે. ખાસ કરીને અમદાવાદમાં ભારે વરસાદ જોવા મળી રહ્યા છે. વરસાદના કારણે રાજયના જળાશયોમાં પાણીની આવક વધી છે, અને તેની સીધી અસર નદીઓના જળસ્તર પર જોવા મળી રહી છે.

સાબરમતી નદીની ઉપરવાસમાં આવેલા ધરોઈ ડેમ અને સંત સરોવરમાંથી મોટા પ્રમાણમાં પાણી છોડવામાં આવી રહ્યું છે. જેના કારણે અમદાવાદના વાસણા બેરેજમાં પાણીની આવક વધી છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, વાસણા બેરેજના કુલ ૨૭ દરવાજા ખોલવામાં આવ્યા છે જેથી પાણીનો યોગ્ય રીતે નિકાલ થઈ શકે.

ધરોઈ ડેમ અને સંત સરોવર માંથી પાણી છોડવાના કારણે સાબરમતી નદીના જળસ્તરમાં વધારો થવાની સંભાવના છે. આજે સવારે ૬:૩૦ કલાકે ધરોઈ ડેમમાંથી ૯૪,૪૩૨ ક્યુસેક અને સંત સરોવર માંથી ૬૮,૫૮૫ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે. આ પાણી વાસણા બેરેજ સુધી પહોંચતા ધરોઈ ડેમના પાણીને ૧૧ થી ૧૨ કલાક અને સંત સરોવરના પાણીને ૧ કલાક જેટલો સમય લાગી શકે છે.

હાલમાં વાસણા બેરેજમાંથી ૩૨,૪૧૦ ક્યુસેક પાણી નદીમાં છોડવામાં આવી રહ્યું છે. પાણીની વધતી આવકને ધ્યાનમાં રાખીને, અમદાવાદ, ખેડા અને આણંદ જિલ્લાના સાબરમતી નદી કિનારાના ગામોને ખાસ સાવધ રહેવા માટે સૂચના આપવામાં આવી છે. સ્થાનિક તંત્રએ નદી કિનારે રહેતા લોકોને સુરક્ષિત સ્થળે ખસી જવા માટે પણ જાણ કરી છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) અને અન્ય સંબંધિત સરકારી વિભાગો પણ આ પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યા છે. કોઈપણ કટોકટીનો સામનો કરવા માટે તમામ જરૂરી પગલાં ભરવામાં આવી રહ્યા છે. નાગરિકોને પણ અપીલ કરવામાં આવી છે કે તેઓ નદી કિનારે જવાનું ટાળે અને તંત્ર દ્વારા આપવામાં આવતી સૂચનાઓનું પાલન કરે. વરસાદી મોસમમાં સલામતીનું ધ્યાન રાખવું અત્યંત જરૂરી છે.

# સાબરમતીમાં ફસાયેલા નવ લોકોનું NDRF ટીમે કર્યું રેસ્ક્યુ

રતનપુર

ગુજરાતમાં ગઈકાલથી વરસી રહેલા ભારે વરસાદ અને ઉપરવાસમાંથી આવેલા પાણીને કારણે, સાબરકાંઠાના ખેડબ્રહ્માના રતનપુર નજીક સાબરમતી નદીના પૂરમા ૯ લોકો ફસાયા હતા. નદીના ધસમસતા પૂરના પાણીમાંથી ફસાયેલા બહાર નિકળી શકે તેવી સ્થિતિમાં નહોતા.

પરિણામે એનડીઆરએફની ટીમે નદીના પૂરના પાણીમાં ફસાયેલા ૯ લોકોને સહી સલામત બહાર કાઢી લીધી હતા. ખેડબ્રહ્માના રતનપુર નજીક સાબરમતી નદીના પૂરના પાણીમાં ૨ પુરુષ, ૪ મહિલા અને ૩ બાળકો સહીત કૂલ ૯ લોકો ફસાયા હોવાની વિગતો સામે આવી હતી. આ વિગતો NDRFને મોકલાતા. NDRF ટીમે રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું હતું. રતનપુર નજીક સાબરમતી નદીના પૂરના પાણીમાં ફસાયેલા ૯ લોકોને લઈ રેસ્ક્યુ ઓપરેશન કરાયું હતુ. જેમાં ૨ પુરુષ, ૪ મહિલા અને ૩ બાળકોનો સમાવેશ થાય છે. આ તમામે તમામ લોકોને NDRF ટીમ દ્વારા સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતા. ફસાયેલા લોકોને બહાર કાઢીને કરાયેલ પુછપરછમાં સામે આવ્યું હતું કે, ખેડબ્રહ્માના રતનપુરની ઉપરવાસ રાજસ્થાનમાં વરસેલા ભારે વરસાદને લઈને સાબરમતી નદીમાં પૂર આવ્યું હતુ. આ પૂરના પાણીમાં લોકો ફસાઈ જવા પામ્યા હતા.

### ૩૬ લાખથી વધુ લોકોએ મા અંબાના દર્શન કર્યા

# ભાદરવી પૂનમના મેળાના અંતિમ દિવસે માઈ ભક્તોનું ઘોડાપૂર

## ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર સહિતના રાજ્યોમાંથી લાખો માઈ ભક્તો કઠીન પદયાત્રા કરીને પહોંચ્યા હતા

અંબાજી

માતા શક્તિના હૃદય સ્થાન સમાં યાત્રાધામ અંબાજી ખાતે સાત દિવસીય ભાદરવી પૂનમ મહામેળાનો રવિવારે (સાતમી સપ્ટેમ્બર) અંતિમ દિવસ છે. અત્યાર સુધીમાં ૩૬ લાખથી વધુ ભક્તોએ મા અંબાના દર્શનનો લાભ લીધો.

આ ઉપરાંત ચંદ્રગ્રહણને કારણે મંદિરના દર્શન સમયમાં ફેરફાર કરાયો હતો. વહેલી સવારથી ભક્તોની ભારે ભીડ જામી, પરંતુ ગ્રહણને લીધે સવારે ૧૦થી ૧૨ વાગ્યા સુધી મંદિર બંધ રહ્યું. બપોરે ૧૨થી ૧૨:૩૦ દરમિયાન માતાજીની શયન આરતી થઈ, અને ૧૨:૩૦થી સાંજે ૫ વાગ્યા સુધી જાળીમાંથી દર્શનની પરવાનગી આપવામાં આવી હતી.

બીજી તરફ ગ્રહણના કારણે ૧૨:૩૦ પછી મંદિરના શિખરે ધજા પણ ચઢાવવામાં ન આવી. સાંજે ૫ વાગ્યા પછી મંદિર દર્શન માટે બંધ કરવામાં આવશે.

ગુજરાતના એક માત્ર સુવર્ણ મંદિર ધરાવતા આરાસુર ધામમાં મા અંબાના જગ વિખ્યાત ભાદરવી પૂનમનો મહામેળો રંગેચંગે યોજાઈ રહ્યો છે. મા શક્તિની ભક્તિના અનેરા સંગમમાં માતાજીના દર્શન અને આશીવાદ મેળવવા ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર સહિતના રાજ્યોમાંથી લાખો માઈ ભક્તો કઠીન પદયાત્રા કરીને અનંત ચૌદેશના રોજમાં અંબાના ધામ આરાસુરમાં ઉમટી પડ્યાં હતા .જેને લઈ ભાદરવી પૂનમના પરંપરાગત મહામેળાના છઠ્ઠા દિવસે અંબાજી ધામ શ્રદ્ધાળુઓથી છલકાઈ ઉઠ્યું હતું.

સેંકડો કિલોમીટરની પદયાત્રા કરીને અંબાજી પહોંચેલા માઈભક્તોએ અદમ્ય ઉત્સાહ સાથે માતાજીના કરી અનુભવી હતી.

માઈ ભક્તોએ દંડવત પ્રણામ કરી માતાજીના ગર્ભગૃહમાં જય અંબેના નાદ સાથે પોતાની માનતા આખડીઓ પૂર્ણ કરી હતી. અનેક સંઘો, માંડવી ઓના માઈ ભક્તો દ્વારા માતાજીને નવરાત્રિમાં પોતાની માંડવીઓ પર પધારવા માટેનું માંને હાર્દિક આમંત્રણ આપ્યું હતું. એક પદયાત્રીએ જણાવ્યું હતું કે, 'યાત્રાધામ અંબાજીમાં માતાજીના મંદિરમાં પ્રવેશ કરતાની સાથે જ એક અલગ જ પ્રકારની શક્તિનો સંચાર થાય છે.' યાત્રાધામ તરફ જતાં માગીમાં સર્વત્ર સેવાભાવી સંસ્થાઓ દ્વારા સેવા કેમ્પો ઊભા કરવામાં આવ્યા છે, જ્યાં ભક્તોને ભોજન, નાસ્તો, ચા, સ્વચ્છ પીવાનું પાણી, આરોગ્ય સેવાઓથી માંડીને આરામ તથા મસાજ જેવી સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી છે. યાત્રાધામ અંબાજીમાં મહામેળાના છઠ્ઠા દિવસે ૮.૧૫ લાખ માઈ ભક્તો ઊમટ્યાં હતા. જ્યારે મેળાના કુલ છ દિવસ દરમિયાન ૩૬.૧૬ લાખ ભક્તોએ જગત જનની મા અંબાના ચરણોમાં શિશ ટેકવ્યું હતું.






PRINTER, PUBLISHER, OWNER AND EDITOR : NILAYBHAI HARISHBHAI MEHTA PRINTED AT DHARTI PRINTERS : C/3, Celler, Shanker Chambers, Opp. Bata Showroom, Nr. H.K. House, Ashram Road, Ahmedabad-380009. gujarat AND PUBLISHED FROM : Opp. Sheth Vadilal Sarabhai Hospital, Ellisbridge, AHMEDABAD-380006(GUJ).